**મહે. લેબર કોર્ટ અમદાવાદના એડી. ચીફ જ્યુડિશિયલ મેજીસ્ટ્રેટ તથા ન્યાયાધીશ (એસ.ડી.) સાહેબ સમક્ષ, જી.અમદાવાદ.**

**ફોજદારી કેસ નં.૫૪૯૬/૨૦૧૮**
**જૂનો ફોજદારી કેસ નં.૧૯૪૦/૯૨**

**ફરિયાદી :-** **કારખાના નિરીક્ષકશ્રી, અમદાવાદ.**

**: વિરૂધ્ધ :**

**આરોપી :-** **શ્રી ઈન્દ્રદમન બી.પટવારી (કબ્જેદાર),**
**શ્રી કૃષ્ણ ડાયસ્ટફ ઈન્ડસ્ટ્રીઝ,**
ઠે.૨૫/૧, ફેઝ-૩, જી.આઈ.ડી.સી, નરોડા,
અમદાવાદ.

**ગુન્હો :-કારખાના ધારા ૧૯૪૮ ની કલમ ૯૨ મુજબ.**

**-: આંક-૧ નીચે હુકમ :-**

**(૧)** હાલનો ફોજદારી કેસ મેટ્રોપોલિટન મેજીસ્ટ્રેટ કોર્ટ અમદાવાદ તરફથી લેબર કોર્ટ અમદાવાદને તબદીલ કરવામાં આવેલ છે, જે અત્રેની કોર્ટને એલોટ કરવામાં આવેલ છે. ઉપરોકત કેસની ફરીયાદ કારખાના નિરીક્ષક ધ્વારા જે તે વખતે સબંધિત મેટ્રોપોલિટન મેજીસ્ટ્રેટ સમક્ષ ફોજદારી કાર્યરીતી અધિનિયમની ક.૧૯૦ (૧) (એ) મુજબ ફરિયાદીએ રજૂ કરતા સબંધિત કોર્ટ ધ્વારા ફોજદારી કાર્યરીતી અધિનિયમની ક.૨૦૦ (એ) વંચાણે લઈને ફોજદારી કાર્યરીતી અધિનિયમની ક.૨૦૪ મુજબ ફરિયાદમાં જણાવેલ ગુન્હાનું સંજ્ઞાન લઈને આરોપીને સમન્સ ઈસ્યુ કરવાનો હુકમ કરેલ હતો.

**(૨)** ત્યારબાદ હાલનો કેસ અત્રેની કોર્ટમાં તબદીલ થતા આરોપીને સમન્સ ઈસ્યુ કરેલ. જે સંદર્ભે આરોપીનું સમન્સ તેઓ મૃત્યુ પામેલ હોવા અંગેના શેરા તથા મરણના પ્રમાણપત્ર સામે પરત આવેલ છે. તે પ્રમાણપત્ર જોતાં તા.૨૮-૨-૦૭ ના મૃત્યુ પામેલ છે. તે સંજોગોમાં હાલનો કેસ આરોપી મૃત્યુ પામેલ હોઈ એબેટ કરવામાં આવે છે, જેથી હાલનો કેસ તે મુજબ ફેંસલ કરવામાં આવે છે.

આ હુકમ આજરોજ તા.૧૩/૦૭/૨૦૧૯ ના રોજ અત્રેની કોર્ટના સ્પેશીયલ સીટીંગ દરમ્યાન વાંચી, સંભળાવી, સહી કરી જાહેર કરવામાં આવે છે.

તારીખ : ૧૩ -૦૭-૨૦૧૯
સ્થળ : અમદાવાદ.

**(પરવેઝઅહેમદ અલીમોહંમદ માલવીયા)**
**CODE : GJ00837**
**એડિશનલ ચીફ જ્યુડિશિયલ મેજીસ્ટ્રેટ,**
**ન્યાયાધીશ (સિનિયર ડિવીઝન)**
**લેબર કોર્ટ, અમદાવાદ.**

J.B.KUNJERA,P.A.